Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

**85**

# હિતોપદેશમાં વર્ણિત માનવીય મૂલ્ય

ડૉ. સુરેશ બારૈયા

મદદનીશ પ્રાધ્યાપક

સરકારી વિનયન કોલેજ, વલ્લભીપુર

માનવીય મૂલ્યોનું સામાજિક જીવન કથા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં ખૂબ જ મહત્વ રહેલું છે. માનવીય જીવનનો આધાર જ નીતિ છે. નીતિ એને કહી શકાય જ્યાં નૈતિકતા હોય. મનુષ્યએ લીધેલું ખોટું પગલું નીતિ દ્વારા જ સત્યના પથ પર લાવી શકે છે. નીતિ સુવ્યવસ્થા અને શાંતિનું પ્રવેશ દ્વાર છે. નીતિ જ સદગુણોની જનની છે. નીતિ કોઈ સંપ્રદાય કે ધર્મ સુધી સીમિત નથી પરંતુ નીતિ જ મનુષ્યના આંસુ પોસે છે, અને યોગ્ય દિશાનું દર્શન કરાવે છે. આધુનિક જીવનમાં પ્રત્યેક વિદ્યાર્થી સંઘર્ષ કરી રહ્યા છે ત્યારે નીતિવિષયક જ્ઞાન આપવામાં આવશે તો અવશ્ય વિદ્યાર્થીઓના જીવનને પરિવર્તિત કરી શકાશે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

સમાજને સ્વસ્થ તેમજ સંતુલિત કરવા અગ્રેસર મનુષ્યને ધર્મ, અર્થ, કામ તથા મોક્ષના શ્રેષ્ઠ વિચારો પર લાવવા જે વિધિ, નિષેધ, સમાજ, વ્યવહારિક ,ધાર્મિક તથા રાજકીય નિયમોનું વિધાન દેશ, કાળ અને પાત્રના સંદર્ભમાં કરવામાં આવે તેને નીતિ કહેવાય છે.

આમ તો નીતિવિષયક તથા જીવન મૂલ્યોની વાત અનેક ગ્રંથોમાં કરવામાં આવીછે જેવા કે શુક્રનીતિ, બૃહસ્પતિનીતિ, વિદુરનીતિ, નીતિવાક્યમૃત, નીતિમયુખ, નીતિશતક, ચાણક્યનીતિ, નીતિસાર, પંચતંત્ર અને હિતોપદેશ વગેરે પરંતુ હિતોપદેશમાં પ્રાણીઓ અને પશુઓની વાર્તાઓના માધ્યમથી મનુષ્યમાં જીવન કૌશલ્ય તથા જીવન મૂલ્યોના ઘડતરની જે પ્રસ્તુતતા કરવામાં આવી છે એ નવી શિક્ષણ નીતિના માધ્યમથી વિદ્યાર્થીઓમાં એક આદર્શ ભારતના નાગરિક બનવાનું શિખર સાબિત થશે.

વાર્તાઓના પાત્રો ભલે પશુ-પંખી હોય પરંતુ વાર્તાઓનો ઉદેશ્ય માનવીય મૂલ્યોને જાગૃત કરવાનો છે. માનવ સમાજને વ્યવહારિક તથા રાજકીય જ્ઞાન આપવાનું છે. રાષ્ટ્રીય મૂલ્યોમાં બધા જ મૂલ્યો આવે છે રાષ્ટ્રના હિતમાં હોય. જેમાંથી એક સરહદ પર જઈ માતૃભૂમિનું રક્ષણ કરવું, પરંતુ બધા લોકો સરહદ પર જઈ શકતા નથી તો એવા લોકો માટે હિતોપદેશ એક આદર્શ નાગરિક તૈયાર કરવો તથા આદર્શ રાષ્ટ્રભક્તનું નિર્માણ કરી શકે છે.

હિતોપદેશ શીખવે છે કે "अरावप्युचितं कार्यमातिथ्यं गृहमागते।" અર્થાત્ "ઘેર આવેલા દુશ્મનનો પણ યોગ્ય અતિથિ સત્કાર કરવો જોઈએ", ઉપરાંત "જ્યાં સુધી ભય આવ્યો નથી ત્યાં સુધી ભયથી ડરવું નહીં", "જ્યારે આફતની વેળા આવે ત્યારે વૃદ્ધોનું વચન માનવું જોઈએ", "સોનાના રોગનો જન્મ અશક્ય છે છતાં પણ રામને એવા મૃગને માટે લોભ થયો. ઘણું ખરું આવી પડેલી

વિપત્તિ વખતે માણસોની બુદ્ધિ પણ ઝાંખી પડી જાય છે", "આચરણ વગરનું જ્ઞાન બોજા રૂપ છે", "બધા જ પ્રાણીઓ પ્રત્યે જે પોતાની જેમ જૂએ છે તે સાચો પંડિત", "દરિદ્રને આપવામાં આવતું દાન સફળ થાય છે", "જોખમ કર્યા વગર મનુષ્ય કલ્યાણ પામતો નથી", "સારા હૃદય વાળા લોકો નાળિયેર જેવા જણાય છે પરંતુ બીજાઓ બોરની જેમ બહારથી સુંદર હોય છે"

નૈતિક જીવન મૂલ્યોમાં ઉચિત - અનુચિત વચ્ચેનો વિવેક જ મહત્વપૂર્ણ છે. નીતિશતકમાં ભર્તૃહરિએ કહ્યું છે કે ઉચિત - અનુચિતનો વિચાર કરીને જ વિદ્વાન પુરુષો કર્મ કરે છે, કારણ કે વિચાર્યા વગર કરેલું કાર્ય મનુષ્યને મૃત્યુ સુધી કાંટા ની જેમ ખૂંચ્યા કરે છે.

**उचितं अनुचितं वा कार्यजातं कुर्वतां** [1]

**परिणति अवधार्या यत्नतः पण्डितेन।**

**अतिरभसकृतानां कर्मणामा मा विपत्ते**

**र्भवति हृदय दाही शल्यतुल्यो विपाक।।**

(૧) આચરણ - મનુષ્યના જીવનમાં આચરણ (વર્તન વ્યવહાર) નું ખૂબ જ મહત્વ છે કબૂતરની વાર્તાથી પ્રતિત થાય છે કે વડીલો સાથે કેવું આચરણ કરવું જોઈએ અન્યથા પરિણામ ખૂબ જ ગંભીર આવે છે.

(૨) સત્ય પ્રેમ કરુણા: - મનુષ્યના જીવનમાં સત્ય પ્રેમ અને કરુણાનું ખૂબ જ મહત્વ છે, પરંતુ દુ:ખની વાત એ છે કે આજે શિક્ષણમાં બૌદ્ધિક વિકાસ પર જ ભાર મૂકવામાં આવ્યો છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

(૩) વિશ્વ બંધુત્વની ભાવના વ્યક્તિ પરિવાર સમુદાય સમાજ રાષ્ટ્રથી માનવતા સુધી નૈતિક મૂલ્યોની યાત્રા હોય છે સામાજિક જીવન ખૂબ જ ઝડપથી પરિવર્તનશીલ બન્યું હોવાના કારણે કેટલીક સમસ્યાઓ માંથી બહાર નીકળવા નૈતિક મૂલ્ય સેતુ જેવું કાર્ય કરે છે સમાજ રાષ્ટ્રમાં એકીકરણ અને અસ્મિતા ની રક્ષા નૈતિકતાના અભાવને કારણે નથી થઈ શકતી વિશ્વબંધુત્વની ભાવના માનવતા વાદ સત્ય પ્રેમ અને ત્યાગ જેવા નૈતિક ગુણોના અભાવને કારણે વિશ્વ શાંતિ આંતરરાષ્ટ્રીય સહયોગ મૈત્રી વગેરેની કલ્પના પણ ન થઈ શકે[2].

એટલે જ એ તો પ્રદેશની વાર્તા જે સંઘમાં રહેવાની વાતો કરે છે કબૂતરોમાં સૌથી વડીલ કબુતર કહે છે આપણે બધા એક સાથે બળ કરીને ઉડીશું તો ઝાડમાંથી છૂટી શકીશું અને બધા એક સાથે ઉડતા ઝાડ સાથે ઉડી જાય છે અને વાળ ધીની જાળમાંથી છૂટકારો મેળવી શકે છે તેથી જ એ તો પ્રદેશ કાર કહે છે કે

**अयं निजः परो वेति गणना लघुचेतसाम्।**[3]

**उदारचरितानां तु वसुधैव कुटुम्बकम्।।**

(૪) આતિથ્ય સત્કાર:- વિશ્વમાં અગ્નિ મોટો છે. વર્ણોમાં બ્રાહ્મણ મોટો છે. સ્ત્રીઓને માટે માત્ર પતિ વડીલ છે, પરંતુ અતિથિ બધે આદરણીય જ છે.

**गुरुरग्निर्द्विजातीनां वर्णानां ब्राह्मणो गुरुः।**[4]

**पतिरेको गुरुः स्त्रीणां सर्वत्राभ्यागतो गुरुः।।**

જેના ઘરમાં અતિથિ નિરાશ થઈ પાછો ફરે છે તે તેને પોતાનું પાપ આપી પૂણ્ય લઈને જાય છે.

(૫) દાન, તપ, શૂરવીરતા અને વિદ્યા:- માનવીએ જરૂરિયાત કરતા વધારે સંગ્રહ ન કરવો જોઈએ. જરૂરિયાત મુજબ તપ કરવું જોઈએ, અને યોગ્ય સમયે શૂરવીરતા દાખવવી જોઈએ. એટલે જ હિતોપદેશકાર કહે છે કે દાન, તપ, શૂરવીરતા અને વિદ્યાની બાબતમાં જેની કીર્તિ ફેલાઈ નથી તે તેની માતાનો મળ જ છે.

**दाने तपसि शौर्यं च यस्य न प्रथितं यशः।**[5]

**विद्ययामर्थलाभे च मातुरुच्चार एव सः।।**

(૬) સજ્જનનો સંયોગ કરવો: - જેવી રીતે સોનાના સંસર્ગથી કાચ મરકત મણિની ચમક ધારણ કરે છે, એવી રીતે સજ્જનની સોબતથી મૂર્ખ માણસ પણ કુશળ બની જાય છે.

**काचः काञ्चनसंसर्गाद्धत्ते मारकतीं द्युतिम्।**[6]

**तथा सत्संनिधानेन मूर्खो याति प्रवीणताम्।।**

કહેવાય છે કે નીચ માણસ સાથે સંસર્ગ થવાથી બુદ્ધિ પણ નીચ બની જાય છે સરખી લાયકાત વાળાઓ સાથે સરખી બને છે અને વિશિષ્ટ વ્યક્તિઓના સંસર્ગથી વિશિષ્ટ બને છે.

(૭) દયા: - પોતાના પ્રાણ પોતાની જે રીતે પ્રિય છે તેવી રીતે તે બીજા પ્રાણીઓને પણ પ્રિય છે સજ્જનો પોતાની તુલના કરીને પ્રાણીઓ પર દયા કરે છે.

**प्राणा यथाऽऽत्मनोऽभीष्टा भूतानामपि ते तथा।[7]**

**आत्मौपम्येन भूतेषु दयां कुर्वन्ति साधवः॥**

(૮) દાનઃ-

રણભૂમિમાં જેમ વરસાદ ભૂખ્યાને જેમ ભોજન, તેમ દરિદ્રને આપવામાં આવતું દાન સાર્થક છે.

**मरुस्थल्यां यथा वृष्टिः क्षुधार्ते भोजनं तथा।[8]**

**दरिद्रे दीयते दानं सफलं पाण्डुनन्दन॥**

એટલે જ કહેવાય છે ઉપકાર નહીં કરનારને પણ દેશ, કાળ અને યોગ્યતા મુજબ દાન આપવામાં આવે છે તેને સાત્વિક દાન કહેવાય છે.

(૯) સાચી મૈત્રીઃ -

આપત્તિથી ઘેરાયેલાનો આફતમાંથી ઉદ્ધાર કરવા સમર્થ હોય એ સાચો બાંધવ છે, નહીં કે બગડેલી ભૂતકાળની વસ્તુની બાબતમાં ઠપકો આપવામાં કુશળ હોય તે. એટલે જ હિતોપદેશકાર કહે છે કે હિતેચ્છુ માણસ પણ આવી પડતી વિપત્તિઓમાં નિમિત્ત બની જાય છે. વાછરડાને બાંધવામાં માતા (ગાય)ની જાંઘ થાંભલો બની જાય છે.

**आपदामापतन्तीनां हितोऽप्यायाति हेतुताम्।[9]**

**मातृजङ्धा हि वत्सस्य स्तम्भीभवति बन्धने॥**

કથાઓ માનવસમાજનો અમૂલ્ય વારસો છે. ભારતીય કથા સાહિત્યનો એમાં મોટો ફાળો છે. હિતોપદેશમાં આવતી વાર્તાઓ ઘણી લોકપ્રિય બનેલી છે. માનવનાં વર્તનનું પ્રાણીઓમાં દર્શન કરાવતી,માનવીની જેમ ભાવો અનુભવતી, માનવીની ભાષામાં વાતો કરતી તથા ઉપદેશ આપતી, નિર્ણયો લેતી અને તે મુજબ આચરણ કરતી આ પ્રાણીઓની દુનિયાની વાર્તાઓમાં રહેલ માનવીય મૂલ્યોને ઉજાગર કરવા. નૈતિક મૂલ્યને માણસ સમજશે તો આદર્શ રાષ્ટ્રનું નિર્માણ થઈ શકે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

પાદટીપ :-

(૧) नीतिशतकम् - १००

(૨) "नैतिक मूल्य मानवता की पहचान" डॉ.राधेश्याम द्विवेदी पृ.७

(૩) हितोपदेशः १.७१

(૪) हितोपदेशः १.६२

(૫) हितोपदेशः १-१६

(૬) हितोपदेशः १-४१

(૭) हितोपदेशः १.१२

(૮) हितोपदेशः १-११

(૯) हितोपदेशः १-३०